सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૦૯/૦૭/૨૦૨૦

રજી લીધા તારીખ : ૦૯/૦૭/૨૦૨૦

નિકાલ તારીખ : ૨૯/૦૪/૨૦૨૫

સમય : વર્ષ : , માસ : , દીવસ :

| **અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, શ્રી આર.એ.અગ્રવાલ સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર** |
|---|
| |

**ક્રિ.કેસ.નંબર :૩૦૮૮૯/૨૦૨૦**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વીરુધ્ધ**

**આરોપી:૦૧)નાઝીમ સ/ઓ સાબીરખાન નવાબખાન જાતે પઠાણ**

**રહેવાસી:** મકાન નં ૧૨ ગાયત્રીનગર સુંદરમનગર બાપુનગર

અમદાવાદ શહેર

---

**ગુનો : ઈ.પી.કો ની કલમ ૩૮૦ , ૫૧૧ મુજબ**

---

**ફરીયાદપક્ષે:વી.એપીપી.શ્રી.બી.એચ.જાની**

**આરોપીપક્ષે:વી.વકીલ.શ્રી.**

---

# - ચુ કા દો -

**૦૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે આ કામના આરોપીએ તા:૦૯/૦૧/૨૦ ના કલાક : ૦૭/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીશ્રીના બાબપુનગર સુંદરમનગર ખાતે આવેલ મકાન નં ૫૧/૧૫૩૫ મા પ્રવેશ કરી ફરીયાદીશ્રના પલંગ પાસે મુકેલ એક રેડમી ૮ પ્રો કંપનીનો મોબાઈલ ફોન જેની આશરે કીંમત ૧ ૧ ૮,૦૦૦/- ગણી શકાય તથા એક સેમસંગ કંપનીનો જે ૭ નેસ્ટ મોડલનો મોબાઈલ ફોન જેની આશરે કિં.રૂ.૩,૦૦૦/- જે બંન્ને મોબાઈલ ફોનની ચોરી કરવાની કોશીશ કરી ઈ પીકોની કલમ ૩૮૦ , ૫૧૧ મુજબ ગુનો કરેલ છે. જે અંગેની ફરીયાદ ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશનમા આપેલી પોલીસ સ્ટેશનમા આપેલી.

**૦૨)** આ કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામા આવેલ છે જે સમન્સને ધારા ધોરણસર બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ જેથી ક્રિ . પી.કોડની કલમ ૨૦૭ અન્વયે ની જોગવાઈ નું પાલન કરવામા આવેલ અને આરોપીની સામે તહોમતનામું નોંધવામા આવેલ છે. અને ત્યારબાદ ગુના સબબ આરોપીની પ્લીનીવેદન નોંધવામા આવેલ છે તેમા તેઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવતા સદર

ગુન્હો તેઓને કબુલ ન હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવે છે.

**૦૩)** ફરીયાદપક્ષે તરફથી નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવમા આવેલ છે.

**<u>મૌખીક પુરાવા</u>**

| **ક્રમ** | **ફરીયાદી/સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | પોલીસ સાહેદ બાબુભાઈ સાંજભાઈ લત્તાની જુબાની | આંક ૦૩ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૪ |
| ૦૨ | પંચનામુ | ૦૫ |

**૦૪)** ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણયો સારૂ નીચે મુજબ મુદદા ઉપસ્થીત થાય છે.

**– ૦ <u>મુદ્દાઓ</u> ૦ –**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણેપુરવાર કરે છેકે, આ કામના આરોપીએ તા:૦૯/૦૧/૨૦ ના કલાક : ૦૭/૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીશ્રીના બાબપુનગર સુંદરમનગર ખાતે આવેલ મકાન નં ૫૧/૧૫૩૫ મા પ્રવેશ કરી ફરીયાદીશ્રના પલંગ પાસે મુકેલ એક રેડમી ૮ પ્રો કંપનીનો મોબાઈલ ફોન જેની આશરે કીંમત ૧ ૧૮,૦૦૦/– ગણી શકાય તથા

એક સેમસંગ કંપનીનો જે ૭ નેસ્ટ મોડલનો મોબાઈલ ફોન જેની આશરે કિં.રૂ.૩,૦૦૦/– જે બંન્ને મોબાઈલ ફોનની ચોરી કરવાની કોશીશ કરી ઈ પીકોની કલમ ૩૮૦ , ૫૧૧ મુજબ ગુનો કરેલ છે?

૦૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧... નકારાત્મક.**

**૨... આખરી હુકમ મુજબ.**

૦૬) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**– ૦ કા ર ણો ૦–**

૦૭) ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્ધારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે

૦૮) સદર કેસ જુનો ૨૦૨૦ નો હોય જેથી આ કામના ફરીયાદી તથા સાહેદો ને અવાર નવાર સમન્સ કરવામા આવેલ જે સમન્સ સરનામાના અભાવે કે ગુજરી ગયેલ હોય તેવા શેરા સાથે પરત થયેલ છે.

૦૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોલીસ સાહેદની જુબાની આંક ૦૩ થી

બાબુભાઈ સાંજાભાઈ લત્તાની જુબાની મેળવવામા આવેલ છે જો તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ તેમા જણાવે છેકે હું છેલ્લા ઘણા સમયથી બાપુનગર પોલીસ સ્ટેશનમા ફરજ બજાવું છું મે મારી ફરજ દરમ્યાન ઘણા તપાસ કરનાર અધિકારીઓ સાથે કામ કરેલ છે જેથી હું તેમના તરફથી કરવામા આવેલ કોર્ટ કાર્યવહીથી અવગત છું વધુમા જણાવેછે કે હાલની ફરીયાદ ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશનમા અપેલી રજુ આંક ૦૪ થી છે હાલના કેસને ઘણા સમય ગયેલ હોય જેથી ફરીયાદી કે સાહેદો મળી આવતા નથી તે હું રેકોર્ડ જોઈને કહી શકું છું.

૧૦) ઉપરોકત ચર્ચા જો ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી ને તપાસવામા આવેલ ન હોયતેવુ અત્રેની કોર્ટ ના રેકોર્ડ પર આવેલ છે જેથી ફરીયાદપક્ષને કેસ સાબીત કરવામાટે મરણતોડ ફટકો પડેલ છે વધુમા અન્ય કોઈ મહત્વના સાહેદોને પણ તપાસવામા આવેલ નથી વધુમા જે પોલીસ સાહેદને તપાસવામા આવેલ છેઅને તેઓએ ફકત રેકોર્ડ આધારીત જુબાની આપેલ છે પરંતુ તે જુબાની ધ્યાને લેતા આક્ષેપીત ગુના પુરવાર થતા નથી. આમ ખરેખર આવો કોઈ બનાવ બનેલ છે કે કેમ તે બનાવ આરોપીનાઓ દ્વારા જ સર્જાયેલ છે કે કેમ તે અંગે લેશ માત્ર પુરાવો કોર્ટ સમક્ષ પુરવાર થતો નથી જેથી તે સંજોગો મા

ફરીયાદપક્ષપોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદા નંબર ૧ નો જવાબ નકારાત્મક** તથા **મુદદા નં ૨ નો જવાબ આખરી હુકમ** મુજબ રહેશે.

**− ૦ હુકમ ૦ −**

**૦૧)** આ કામના આરોપીને **ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧)** હેઠળ ઈ.પી.કો ની કલમ**૩૮૦,૫૧૧મુજબ**ના ગુનામાંથી **નીર્દોષ** છોડી મુકવામા આવે છે.

**૦૨)** ક્રિ.પ્રો.કોડની કલમ−૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના ૫૦૦૦ ના જામીન રજુ કરવાના રહેશે. અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૩) મુદદામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામા આવે છે.જો કોઈ હુકમ અગાઉ થયેલ ન હોય તો મુદદામાલ ફરીયાદીને પરત કરવા જો ફરીયાદી મળી આવતા ન હોય તો તેના વારસોને મુદદામાલ પરત કરવા જો વારસો ના મળી આવે તો મુદદામાલ સરકાર ખાલસા કરવા.**

હુકમ આજ રોજ તા− **૨૯,** માહે− **માર્ચ ,** સને− **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૯/૦૩/૨૦૨૫

અમદાવાદ શહેર

**( આર.એ.અગ્રવાલ )**

૧૦માએડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સાહેબ શ્રી ની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર
જી.જે.૦૦૯૩૩